[illegible] અગીન

ભાટીયા ભાગ.

ટ્રસ્ટ ડીડનું.

(ગુજરાતી ભાષાંતર)

ટ્રસ્ટીઓ.

ધી ઓનરેબલ મી૦ વીઠલદાશ દામોદર ઠાકરશી.

શેઠ ધરમશી મુરારજી ગોકલદાશ.

શેઠ રણછોડદાશ ઠાકરશી.

શેઠ ગોપાલજી વાલજી સુંદરજી.

શેઠ રવજી નારાણજી.

શેઠ કરશનદાશ હરગોવિંદ.

મેસર્સ મનસુખલાલ જમશેદજી અને હીરાલાલ
હાઇ કોરટના વકીલો.

મુંબઈ
ચંદનવાડી નંબર ૧૪૧ વાલા મકાનમાં
વર્તમાન છાપાખાનામાં છાપ્યું.

૧૯૦૮

ભાટીયા ભાગીરથી તળાવનું ત્રસ્ટ ડીડ.

Stamp
Rs 300
૩૦૦ રૂપયાનો
સ્ટાંપ

મેશરસ મનસુખલાલ જમશેદજી અને હીરાલાલ
૫ મી નવેંબર ૧૯૦૬
બાલકૃષ્ણ વાસુદેવ પાકુરંગ
આસી૦ સુપ્રીનટેન્ડન્ટ ઓફ સ્ટાંપ્સ

દૈનીક ના ૧૧
મુંબઈની સબરજીસ્ટ્રાર ઓફીસમા રજુ
કર્યુ આજ તા૦ ૫ મી જુલાઈ ૧૯૦૭
બે અને ત્રણ વાગ્યાની વચ

નીચે મુજબ ફી લીધી
રજીસ્ટર કરવાની ફી રૂ ૩૦-૦ ૦
નકલ કરવાની ફી રૂ ફાળીઆ ૩૬ રૂ ૫- ૦
કુલ રૂ ૩૫-૦-૦

રવજી નારાણજી

સયાના સાઈ
સબરજીસ્ટાર.

સયાના સાઈ
મુંબઈના સબ રજીસ્ટાર

આ ત્રસ્ટડીડ તારીખ ૫ મી જુલાઇ ૧૯૦૭ ને દીને **શેઠ નારાયણદાસ ઠાકરશી મુલજી, ધી ઑનરેબલ મી. વિઠલદાસ દામોદર ઠાકરશી મુલજી, શેઠ માધવજી દામોદર ઠાકરશી અને શેઠ હંસરાજ પ્રાગજી ઠાકરશી,** અને મજકુર **ઑનરેબલ મી. વિઠલદાસ દામોદર ઠાકરશી** અને **બાઈ મોંઘીબાઇ તે ગોવીંદજી ઠાકરશી મુલજી**ની મીલકતના વહિવટ કરનારાઓ સર્વે મુંબઇના હિંદુ રહિસો (જેઓને જો બીજી સંગ્નાથી લખવામા નહિં આવ્યા હશે તો આ લખતમા હવે પછી પહેલી બાજુના પક્ષકારો તરીકે કહેવામા આવશે) તેઓ પહેલી બાજુના તથા મજકુર **ઑનરેબલ મી. વિઠલદાસ દામોદર ઠાકરસી, શેઠ ધરમસી મોરારજી ગોકલદાસ, શેઠ રણછોડદાસ ઠાકરશી, શેઠ ગોપાલજી વાલજી સુંદરજી શેઠ રવજી નારાણજી** તથા **શેઠ કરસનદાશ હરગોવીંદદાસ** તેઓ સર્વે મુંબઈના હિંદુ રહેવાસીઓ જેઓને હવે પછી ત્રસ્ટીઓ તરિકે કહેવામા આવશે, જે સંગ્નામા જયા જયા અત્રા ભાવાર્થની જરૂર પડશે ત્યા ત્યા તેઓમાના હઇયાત રહેનારાઓ અથવા હઇયાત રહેનાર અથવા તો આ લખતના હવે પછીના વખતને માટેના ત્રસ્ટીઓ અથવા ત્રસ્ટીના સમાવેશ થશે, તેઓ બીજી બાજુના.

પહેલી બાજુના પક્ષકારો

ત્રસ્ટીઓ.

જત તા૦ ૧૭ મી જાન્યુઆરિ ૧૮૮૩ ને દીને **નવરોજી ખરશેદજી કાવશજી** તથા **હોમજી ખરસેદજી દાદી** એક

> તા૦ ૧૯ મી જાનેવારી ૧૮૮૩ ને દીને શેઠ ઠાકરશી મુળજીના નામથી લીધેલુ વેચાણખત

બાજુના તથા **ઠાકરશી મુળજી** બીજી બાજુના એઓ વચ્ચે થએલા વેચાણ ખતની રૂએ મજકુર નવરોજી ખરસેદજી કા[illegible]જી તથા હોમજી ખરસેદજી દાદીએ તેમાં જણાવેલા અવેજને [illegible] આ લખતની હેઠળ લખેલી યાદીમા વર્ણવેલી મીલકત જે આ લખતથી (ત્રસ્ટમા) આપવામા આવે છે, તે **શેઠ ઠાકરશી મુળજી** તેમના વર વારસો વકીલોને વેચાણ કરેલી હતી.

> હાલાઇ ભાટિયા જ્ઞાતિના કેટલાક ગ્રહસ્થોએ ફંડ ઊભુ કર્યુ

અને ઉપર જણાવેલા ખતની તારીખથી થોડા વખત પછી મુંબઇના હાલાઇ ભાટિયા મહાજનના કેટલાક ગ્રહસ્થોએ હાલાઇ ભાટિયા જ્ઞાતિ માટે તે જ્ઞાતિના મરણ પામેલા સખ્સોની પાછળ ઉત્તર ક્રિયા કરવાના સંબંધમા સ્નાનાદિકને માટે યોગ્ય સ્થળની ગોઠવણ કરવાના હેતુથી પોત પોતામા એક ઊઘરાણું કર્યુ અને ફંડ ઊભું કર્યુ.

> શેઠ ઠાકરશી મુળજીએ તેજ કીમતે વેચવાનો આપેલ કબુલાત

અને જે મીલકત આ લખતમા હવે પછી વર્ણવેલી છે અને જે (ત્રસ્ટમા) આપવામા આવે છે તે મીલકતવાળી જગ્યા ઊપર જણાવેલા ફંડના હેતુને લાયકની જણાયાથી, મજકુર ઠાકરશી મુળજીએ મજકુર જ્ઞાતિના (જે જ્ઞાતિના તેવણ હતા) સુખ તથા સગવડને ખાતર જે કીંમતે તેવણે તે ખરીદ કરેલ હતી તે કીંમતે તે વેચવાને માટે કબુલ થયા હતા.

> મજકુર ફંડના સ્થાપકોએ નાણાં આપી કબજો લીધો પણ રીતસરનો દસ્તાવેજ કરાવેલ નહોતો

અને મજકુર ફંડના સ્થાપકોએ જે નાંણા એકઠા કરેલ હતાં, તેમાથી મજકુર શેઠ ઠાકરશી મુળજીને મજકુર મીલકતના વેચાણની કીંમતના રૂ ૧૮,૩૦૨–૩–૦ આપ્યા હતા અને મજકુર મીલકતનો કબજો લીધો, પણ તેનો રીતસરનો દસ્તાવેજ મજકુર શેઠ ઠાકરશી મુળજી પાસેથી કરાવી લીધેલ ન હોતો, અને ત્યાર પછી આ લખતની તારીખ સુધી એનું કાંઇ વેચાણ ખત થયું નથી.

> ફંડના સ્થાપકોએ તે જગ્યા પર તળાવ બાંધ્યું અને ભાટિયા ભાગીરથી તળાવને નામે ઓળખાય છે અને તેનો ઉપયોગ પ્રમાણે થાય છે

અને મજકુર ફંડના સ્થાપકોએ જે નાંણા એકઠા કરેલા હતા તેમાથી મજકુર મીલકતવાળી જગ્યાપર એક યોગ્ય તળાવ બાંધ્યુ તથા મજકુર ફંડનો હેતુ પાર પાડવાની મતલબથી બીજા સુખ તથા સગવડોની ગોઠવણ કરી અને તે સ્થળને ત્યાર પછી "ભાટિયા ભાગિરથી તળાવ" ના નામથી ઓળખવામા આવે છે. અને જે હેતુથી તે મીલકત ખરીદ કરવામા આવી હતી તથા ફંડ ઊભું કરવામા આવ્યું હતું તે હેતુથી તેનો ઊપયોગ કરવામા આવે છે.

શેઠ ઠાકરસી મુળજીનું મરણ.

અને મજકુર **શેઠ ઠાકરશી મુળજી** વીલ કર્યા વગર મુંબાઈમાં તારીખ ૯ મી નવેમબર સને ૧૮૮૭ દીને ગુજરી ગયા અને તેઓની પાછળ ત્રણ પુત્રો નામે **શેઠ દામોદર ઠાકરશી મુળજી, શેઠ ગોવિંદજી ઠાકરશી મુળજી** તથા **શેઠ નારાયણદાસ ઠાકરશી મુળજી** અને તેમની પૂર્વે સ્વર્ગવાસ થએલ તેમના પુત્ર પ્રાગજી ઠાકરશીના પુત્ર મજકુર **શેઠ હંસરાજ પ્રાગજી ઠાકરશીને** હિંદુ કાયદા પ્રમાણે વારસો મુકી ગયા

તેમની પાછળ તેમના વારસો

શેઠ દામોદર ઠાકરસી મુળજીનું મરણ તથા તેમના વારસો.

અને મજકુર **શેઠ દામોદર ઠાકરશી મુળજી** મુંબઈમાં. તારીખ ૨૧ મી ઓકટોબર ૧૮૯૩ ને દીને વીલ કર્યા વગર ગુજરી ગયા અને તેમની પાછળ મજકુર **ધી ઑનરેબલ વિઠલદાસ દામોદર ઠાકરશી** અને મજકુર **માધવજી દામોદર ઠાકરશીને મુકી ગયા.**

શેઠ ગોવીંદજી ઠાકરસીનું મરણ તેમની મીલકતનું વહિવટ પત્ર

અને મજકુર શેઠ **ગોવિંદજી ઠાકરશી મુળજી** વરવાળામાં વીલ કર્યા વગર તારીખ ૬ ઠી સપટેમ્બર ૧૮૯૯ ને દિવસે અથવા લગભગ તે તારીખે ગુજરી ગય. અને તેમની મીલકતનો વહિવટ પત્ર મજકુર **ઑનરેબલ મી. વિઠલદાસ દામોદર ઠાકરશી** તથા **મોંઘીબાઈને** મુંબઈની હાઈ કોર્ટ તરફથી તારીખ ૭ મી નવેમબર ૧૯૦૨ ને દિને મળ્યો હતો.

શેઠ ઠાકરસી મુળજીના વારસો

અને હિંદુ કાયદા પ્રમાણે આ લખતના પહેલી બાજુના પક્ષકારો મરનાર **શેઠ ઠાકરશી મુલજીના** કાયદેસરના વારસો છે.

નાણા ભરનારાઓની સભાનો ઠરાવ કે રીતસરનું ટરસ્ટડીડ કરાવી લેવું

અને મજકુર જણાવેલા ફંડમા નાણા ભરનારાઓની સાધારણ સભા જે તારીખ ૧૮ મી જુન ૧૯૦૫ ને દીને મળી હતી તેમા બીજી બાબતો સાથે સર્વનુમતે એવો ઠરાવ કરવામાં આવ્યો હતો કે સ્વર્ગવાસી **શેઠ ઠાકરશી મુલજીના** વારસો પાસેથી ભાગીરથી તળાવની મીલકતનો કાયદાસરનો દસ્તાવેજ કરાવી લેવો અને મજકુર ફંડના હેતુઓ અને ઊદેશો પાર પાડવા માટેનું એક યોગ્ય ટ્રસ્ટડીડ કરાવી લેવું. અને આ દસ્તાવેજનાં બીજી તરફવાળા પક્ષકારોએ એવા ત્રસ્ટડીડના ત્રસ્ટીઓ થવું. અને નાણા ભરનારાઓની સભા બોલાવી તે ત્રસ્ટડીડનો ખરડો તેમની પસંદગીને માટે રજુ કરવો.

ત્રસ્ટીઓનું ત્રસ્ટી તરીકે કામ કરવા સ્વીકારવું

અને આ લખતનાં બીજીબાજુવાળા પક્ષકારોએ **મજકુર મીલકત તથા આ ત્રસ્ટડીડના ત્રસ્ટીઓ તરીકે કામ કરવાને સ્વિકારેલું છે.**

પહેલી બાજુના પક્ષકારો એ ત્રસ્ટીઓને લખી આપવા માટ કરેલો સ્વીકાર.

અને મજકુર ત્રસ્ટીઓની અરજથી આ લખતની પેહેલી બાજુના પક્ષકારોએ મજકુર મીલકત આ લખતમાં તે સંબંધી જણાવેલી સત્તાઓ તથા ઠરાવોને અનુસરીને તથા તેમાં જણાવેલા ઉપયોગો તથા ત્રસ્ટો પ્રમાણે તે મીલકત રાખવા માટે તેમને લખી આપવાને સ્વીકારેલ છે

નાણા ભરનારાઓએ ખરડો પસંદ કરયો અને ત્રસ્ટીઓને તે ઉપર સહી કરવાની સત્તા આપવામા આવી

અને તારીખ ૧૧ મી આગસ્ટ ૧૯૦૬ ને દીને મળેલી નાણા ભરનારાઓની સાધારણ સભામા આ લખતનો ખરડો યોગ્ય રીતે, તેમની પસંદગીને માટે રજુ કરવામાં આવયો હતો અને તેમા બીજી બાબતો સાથે સર્વાનુમતે એવો ઠરાવ કરવામા આવ્યો હતો કે મજકુર ખરડો પસંદ કરવો તથા મંજુર કરવો અને તે ખત જયારે લખાઈ તૈયાર થાય ત્યારે તેપર સહી કરવાની ત્રસ્ટીઓને સત્તા આપવામા આવી હતી

મીલકતની કીમત.

અને હિંદુસ્થાનના સ્ટાંપ ધારાને માટે મજકુર મીલકતની કીંમત રૂ ૩૦,૦૦૦) અથવા તેટલાને આશરેની જાહેર કરવામા આવે છે.

મીલકતનું ત્રસટીઓને લખા આપવું

હવે આ લખતથી દર્શાવવામાં આવે છે કે ઉપર જણાવેલા અવેજના બદલામા આ લખતના પહેલી બાજુના પક્ષકારો આ લખતથી આ લખતની નીચે લખેલ યાદીમા વર્ણવેલી સર્વે અને દરેક મીલકતોની સાથે તેપર આવેલા સઘલા તથા દરેક ઘરો, ઉપઘરો મકાનો, તેમા જડેલા પદાર્થો, ઊજાસ, વાડાઓ, ખનીજો, વાડ, રસ્તાઓ. પાણીઓ જળાશયો, હકો તથા બીજા જે કાંઈ તેને લાગતા વળગતા હકો, અથવા તેઓમાનો કોઈપણ, તેને લગતું અથવા તેની સાથે અથવા તેઓમાના કોઈની પણ સાથે આજ સુધી જેનો ઉપભોગ કરવામા આવેલો છે, અથવા તેને લગતો છે, અથવા તેનો ભાગ છે એવું જણાયલું હોય તે સાથે તે મજકુર મીલકતને પોતાના કબજામા (નીચે જણાવેલા) ત્રસ્ટો, ઉપયોગો, સત્તાઓ તથા કરારો તથા ઠરાવો જે આ લખતમા હવે પછી દર્શાવવામા આવે છે તેને આધારે રાખવાનો, પહેલી બાજુના પક્ષકારોનો મજકુર મીલકત-પરનો સર્વે હક ઈલાકો દર દાવો, લાભ મજકુર ત્રસ્ટીઓને લખી આપવામા આવે છે **અને આ લખતથી કરાર તથા જાહેર કરવામાં** આવે છે કે મજકુર ત્રસ્ટીઓએ મજકુર મીલકત (જેને હવે પછી આ લખતમા ત્રસ્ટની મીલકત કરી કહેવામા આવશે.) તેનો કબજો આ લખતમા હવે પછી લખવામા આપેલી સત્તાઓ

ઠરાવો, અને કરારો જે તેના સંબંધમાં લખવામાં આવેલા છે તેને અનુસરીને તેનો ઉપયોગ તથા વપરાશ કરવા માટે ત્રસ્ટી તરીકે રાખશે તથા તે તેઓના સ્વાધીનમાં રાખશે. એટલે કે ત્રસ્ટવાળી મીલકતના જે ભાગો હાલ ભાડે આપેલ છે, અને હવે પછી જે ભાડે આપવા માટે ફાજલ પાડી શકાય તેનું ભાડું લે અને વસુલ કરે અને તે ભાડાનો ઉપયોગ ત્રસ્ટવાળી મીલકતના સંબંધમાં જે સર્વે ટેક્સ કર આપવા પડે તે આપવામાં તથા ત્રસ્ટવાલી મીલકતની મરામત તથા તેને સારી સ્થિતિમાં રાખવામા અને ત્રસ્ટવાલી મીલકતનો વહીવટ કરવાનો તથા આ લખતમાં જણાવેલા ત્રસ્ટોને પરિપૂર્ણ કરવાના સંબંધમા બીજા જે ખર્ચો થાય તે આપવામાં કરવો અને ત્રસ્ટવાલી મીલકતનો જે ભાગ ભાડે આપવામાં આવેલ નહિ હોય તે ભાગ ત્રસ્ટીઓએ ત્રસ્ટ તરિકે તેનો ઉપયોગ નીચે પ્રમાણે કરવો, એટલે કે મુંબઈના હાલાઈ ભાટિયા સખ્સોને ભાટિયા જ્ઞાતિના ગુજરી જનારા સખ્સોની ઊત્તરક્રિયા કરવા માટેના સ્થળ તરીકે તથા સ્નાનાદિક કરવાના સ્થળ તરીકે, અને વખતો વખત તેને માટે ત્રસ્ટીઓએ નિર્માણ કરેલા કાયદા કાનુનને આધારે ત્રસ્ટના હેતુને અનુસરતા એવા બીજા જે ઉપયોગો વખતો વખત ત્રસ્ટીઓ નકી કરશે તેવા ઊપયોગ તથા કામને માટે તેનો વપરાશ કરવા દેશે **અને કરાર કરવામાં તથા જાહેર કરવામાં આવે છે** કે ઉપર જણાવેલા કામોને માટે ત્રસ્ટવાલી મીલકત ત્રસ્ટીઓ માત્ર હાલાઈ ભાટિયા મહાજનના સભાસદોનેજ વાપરવા આપશે; અને તે ભાટિયા જ્ઞાતિના બીજા વિભાગો અથવા બીજી કોઈપણ જ્ઞાતિના સખ્સોને કોઇબી કારણસર વાપરવા દેશે નહિં, શિવાય કે નાણા ભરનારાઓએ પોતાની યોગય રીતે મળેલી સભામા ભાટિયા જ્ઞાતિના બીજા કોઇ ચોકસ વિભાગોનાં સખસો અથવા બીજી કોઇ ઊંચ વર્ણની હિંદુ જ્ઞાતિના સભાસદોને, જે સરતો તથા પ્રતિબંધનથી વખતો વખત તેમનાં મરનારા સખસો પાછળ સ્નાનાદિક કરવા માટે, નહિં કે બીજા કોઇ પણ કારણને માટે, ત્રસ્ટવાલી મીલકતનુ તળાવ તથા સ્નાન કરવાનું સ્થળ વાપરવા દેવા માટેનો સ્પષ્ટ ઠરાવ પાસ કરી તેમ કરવા દેવાની સત્તા ત્રસ્ટીઓને આપે.

મસદા.

ભાડું વસુલ કરવું તેમાંથી ટેક્સ કર વિગેરે આપવા

રીપેર તથા ટેક્સ તથા બીજા ખરચો આપવા

બાકીનો ભાગ સ્નાનાદિક કરવા તથા ઊતર ક્રિયા કરવા માટે વાપરવો.

તથા બીજા ઉપયોગો જે ત્રસટીઓ નકી કરશે તે પ્રમાણે વપરાશ થશે.

વળી આ લખતથી કરાર તથા જાહેર કરવામાં આવે છે કે દાન અથવા બક્ષીસ તરિકે હાલાઈ ભાટિઆ જ્ઞાતિના સખસો તરફથી વખતો વખત જે કાઇ નાણુ ભરવામા આવશે તે ત્રસ્ટીઓને લેવાની છુટ છે, અને તેવી બક્ષીશ કે દાનની શરતો કાયમ રાખી

દાન અથવા બક્ષીસ

તેના નાંણું અને ૧૮૮૨ ના હિંદુસ્થાનના ટ્રસ્ટ એકટનાં કાયદામાં જે જામિનગીરીઓમાં સ્વીકાર કરવામાં આવ્યાં છે, તથા તેમાં રોકવાની સત્તા આપવામાં આવી છે તેવી કાંઇબી જામીનગીરીમાં રોકવા તથા એક જામીનગીરીમાંથી બીજી જામીનગીરીમા ફેર બદલ કરવાની તથા વારફેર કરવાની ટ્રસ્ટીઓને સત્તા રહેશે. અને એવી જામીનગીરીઓની જે કાંઈ આવક આવે તેનો ઉપયોગ ટ્રસ્ટવાલી મીલકતનાં ભાડાનો ઉપયોગ જે પ્રમાણે કરવાનુ ઉપર જણાવેલું છે તે પ્રમાણે કરવો

નાણાં ટ્રસ્ટ એક્ટમાં જણાવેલી જામીનગીરીમાં રોકવા

જામીનગીરીમાં ફેરફાર તથા વારફેર કરવાની છુટ આવકનો ઉપયોગ

ટ્રસ્ટ મીલકતમા સુધારો વધારો કરવામા મુદ્દલ રકમ ખરચ કરવાની છુટ

જે ટ્રસ્ટવાલી મીલકતમા સુધારો વધારો કરવો અથવા મોટી કીંમતની મરામત કરવાની જ્યારે જ્યારે જરૂર જણાય, ત્યારે ત્યારે મજકુર જામિનગીરીઓ અથવા તેઓમાંની કાઇબીની મુદ્દલ રકમનો ઉપયોગ તથા વપરાશ ટ્રસ્ટીઓને પોતાની કુલ મુનસફી પ્રમાણે કરવાની સત્તા રહેશે

વિમો ઉતરાવવા બાબત

કાયદાકાનુનો ઘડવા બાબત

તે રદ કરી નવા કાયદા કરવા બાબત

અને આ લખતથી કરાર કરવામાં તથા જાહેર કરવામાં આવે છે કે જો ટ્રસ્ટીઓના ધ્યાનમા આવે તો ટ્રસ્ટવાલી મીલકત અથવા તો તેનો કાંઇ પણ ભાગનો આગથી થતા નુકશાની સામે વિમો ઉતરાવે અને ટ્રસ્ટવાલી મીલકતનાં યોગ્ય વપરાશ તથાં ઉપયોગને માટે તેમજ તેઓના વહિવટને માટે કાયદા કાનુનો બાધવાની તથા તે રદ કરવાની તથા તેને બદલે નવા કાયદા કાનુન કરવાની છુટ રહેશે ટ્રસ્ટવાલી મીલકતને લગતી કાઇબી બાબતના સંબધમા ટ્રસ્ટીઓમાં કાંઇ પણ જો મત ભેદ થાય તો, વખતો વખતના ટ્રસ્ટીઓની વધારે સંખ્યાનો અભિપ્રાય તથા ઠરાવ છેવટના ગણાશે. અને તે નાની સંખ્યાના ટ્રસ્ટીઓને બંધનકારક ગણાશે. કારણ કે, આ લખતનો હેતુ, આ લખતમા જે જે ટ્રસ્ટના કામો કરવાના અધિકારો આપવામા આવ્યા છે તેના વહિવટ તથા બજામણીને લગતી સર્વે બાબતોનો અમલ આ લખતના ટ્રસ્ટીઓના વધુ મતથી કરવો એવો છે.

વધુ મત છેવટનો ગણાશે

ટ્રસ્ટનુ કામકાજ સભા ભરી અથવા સરકયુલરથી કરવુ

અને આ લખતથી વધુ કરાર તથા જાહેર કરવામાં આવે છે કે ટ્રસ્ટીઓ આ ટ્રસ્ટને લગતું કામકાજ જેમ સગવડ પડે તેમ પોતાની સભા ભરી અથવા સરકયુલરથી કરશે જ્યારે જ્યારે જરૂર પડે ત્યારે પોતાનામાંથી એક ચેરમેન નીમશે અને જ્યારે સરખા મતો પડશે ત્યારે તેવા ચેરમેનને એક વધુ મત આપવાનો હક રહેશે. અને એક સભામાં ત્રણ ટ્રસ્ટીઓ હાજર થવાથી સભાનું કોરમ ગણાશે. અને જો કોઈ સભા, કોરમ નહિં થવાથી મુલતવી રાખવામા આવશે તો તેવી મુલતવી રહેલી સભામાં જેટલા ટ્રસ્ટીઓ

ત્રણ ટ્રસ્ટીનું કોરમ

હાજર હશે અને જો કે કોરમ નહિં હશે છતાં સભાનું કામકાજનાં સભાના પત્રક પ્રમાણે સભાનું કામ પુરૂં કરવામાં આવશે.

નાણા ભરનારાઓનુ રજીસટર

અને આ લખતથી કરાર તથા જાહેર કરવામાં આવે છે કે મજકુર ફંડમાં નાણાં ભરનારાઓનુ એક રજીસ્ટર ટ્રસ્ટીઓએ રાખવું અને તેવું રજીસ્ટર આ લખતની તારીખની પુર્વે હાલાઇ ભાટિયા મહાજનના જે જે ગ્રહસ્થોએ વખતો વખત નાંણું ભરેલાં છે અથવા તો રૂા. ૧૦૦ ની રકમ કરતાં ઓછી નહિ હોય તેવી રકમ મજકુર ફંડમાં ભરે અથવા ટ્રસ્ટ મીલકતમાં રૂા. ૧૦૦ કરતાં ઓછી નહિ હોય એટલી રકમનુ કામ કરાવી આપે, તેવા ગ્રહસ્થોનાં નામો દાખલ કરવા.

રૂા. ૧૦૦ ભરનારનું નામ રજીસ્ટરમા દાખલ કરવું.

હિસાબના ચોપડાઓ રાખવા તેના નાણા ભરનારાઓને જોવાની છુટ

અને કરાર કરવામાં આવે છે તથા જાહેર કરવામાં આવે છે કે ટ્રસ્ટીઓએ આવક તથા ખર્ચના હિસાબનાં ચોપડાઓ રાખવા અને સર્વે ચાલેલા કામની તથા આ લખતમા જણાવેલા ટ્રસ્ટને અમલમાં લાવવા તથા વહિવટ ચલાવવા જે કાઇ કામ કરશે તેની નોંધ રાખવી અને તેવા ચોપડાઓ તથા નોંધ ઉપર જણાવેલા રજીસ્ટરમાં જે નાંણું ભરનારાઓના નામો દાખલ થયેલ હશે તેઓને તથા તેઓના વારસોને જોવા માટે હમેશાં ખુલ્લાં મુકવામાં આવશે. અને દરેક વિક્રમ સવંતસરની આખેરીએ ટ્રસ્ટીઓએ તેમના વહિવટનો હિસાબ તથા રીપોર્ટ તૈયાર કરવો, અને તે પાસ કરવા નાંણા ભરનારાઓની સભા હજુર રજુ કરવો, અને એવી સભાએ એવો રિપોર્ટ તથા હિસાબ બહાલ રાખ્યા પછી તે હિસાબ તથા રીપોર્ટ છપાવવો તથા બહાર પાડવો, તે નાંણું ભરનારાઓમાં વહેંચવો.

રીપારટ તથા હીસાબ તઈયાર કરવો

અને તે બહાલ થયાથી છપાવીને વહેંચવો.

સેક્રેટરીઓ નીમવાની સતા.

અને કરાર કરવામાં આવે છે તથા જાહેર કરવામાં આવે છે કે ટ્રસ્ટીઓ ટ્રસ્ટની મીલકતનો બરાબર વહિવટ અને દેખરેખ રાખવા માટે ઓનરરી સેક્રેટરીઓ અથવા મેનેજર નીમી શકશે. અને જે ઓનરરી સેક્રેટરી અથવા મેનેજર અથવા સેક્રેટરીઓ અથવા મેનેજરોને ટ્રસ્ટઓની સભા અને નાણું ભરનારાઓની સભાઓ (ટ્રસ્ટીઓની પરવાનગીથી) વખતો વખત બોલાવવાની સત્તા રહેશે. પણ જે હાલાઇ ભાટિયા જ્ઞાતિનો નહિ હોય તેવા સખ્સોને એવો સેક્રેટરી અથવા મેનેજર નીમવો નહિં.

અને આ લખતથી કરાર કરવામાં આવે છે કે જ્યારે જ્યારે આ લખતથી નીમાએલા ટ્રસ્ટીઓમાંનાં કોઈ પણ

અથવા આ લખતમાં ભવિષ્યનાં ત્રસ્ટીઓમાંનો કોઇ પણ મરણ પામે, અથવા મુંબઈ છોડી બહાર રહેવા જાય અથવા મુંબઈમાંથી બાર માસ સુધી લાગટ ગેરહાજર રહે અથવાતો છોડી જવાની ઈચ્છા રાખે અથવા આ લખતમા જણાવેલા ત્રસ્ટનાં કામ કરવાને ના પાડે કે નાલાયક થાય અથવા નાદાર કે ઇન્સોલવંટ થાય અથવા તેને નાદાર કે ઈન્સોલવંટ ઠરાવવામા આવે, તો એવા મરનાર બહારગામ જઇ રહેનારા, બાર મહીના સુધી મુંબઇમાંથી ગેરહાજર રહેનારો અથવા ઉપર જણાવ્યા પ્રમાણે કામ કરવાને અશકત થનારા અથવા ના પાડનારા, અથવા નાદાર કે ઇન્સોલવંટ થનાર અથવા તેવા ઠરાવવામા આવેલા ત્રસ્ટી અથવા ત્રસ્ટીઓની જગ્યાપર તે વખતના આ લખતના ચાલુ ત્રસ્ટીઓએ અથવા ત્રસ્ટીએ, અથવા જો કાઇપણ ચાલુ ત્રસ્ટી નહિં હોયતો નાણું ભરનારાઓ પોતાની યોગ્ય રીતે બોલાવેલી સભા ભરીને, અને જો કોઈ નાણા ભરનાર નહિ હોય તો હાલાઈ ભાટિયા મહાજને, તેઓની સભા, તે કામને માટે યોગ્ય રીતે બોલાવેલી સભાએ કોઈ બીજા ગ્રહસ્થ અથવા ગ્રહસ્થોને ત્રસ્ટી અથાવા ત્રસ્ટીઓ નીમવા, પણ એવી રીતે કરવું કે ત્રસ્ટીઓની સંખ્યા કોઇ પણ વખતે ૭ કરતા ઓછી થાય નહિં

(હાંસિયામાં: નવા ત્રસ્ટીઓની નીમાણુક કરવા અને કેવી રીતે કરવી)

(હાંસિયામાં: ત્રસ્ટીઓની સંખ્યા હમેશા ૭ કરતા ઓછી થાય નહિ)

અને એવી રીતે ત્રસ્ટીઓની નીમણુક થતા દરેક વખતે ત્રસ્ટ મીલકત એવી રીતે નામપર ચડાવવી કે જેથી કરીને તે નવા ત્રસ્ટી અથવા ત્રસ્ટીઓનો ચાલુ રહેલા ત્રસ્ટીઓની સાથે અથવા તેઓના એકલાનાજ, જેમ જરૂર જણાય તેવી રીતે તે ત્રસ્ટ મીલકત પર હક અને એવા દરેક ત્રસ્ટીને (જેને તેનો હક ઉપર જણાવ્યા પ્રમાણે લાગુ થયા પછી તેમજ તેની પૂર્વે) જે ત્રસ્ટીને જગ્યાપર તેની નીમણુક થએલ હશે તેને જેટલી સત્તા અને અધિકાર મળેલ છે તેટલીજ સત્તાઓ અને અધિકાર મળશે.

(હાંસિયામાં: નવા ત્રસ્ટીના નામપર ત્રસ્ટ મીલકત ચડાવવી)

અને કરાર કરવામાં આવે છે તથા જાહેર કરવામાં આવે છે કે એવા કોઇ પણ સખસને આ લખતનો ત્રસ્ટી નીમવામાં આવશે નહીં કે જે મજકુર ફંડનાં નાણા ભરનારાઓ-માનો એક અથવા તેનો વારસ નહિં હોય, અથવા એવા નાંણાં ભરનારાઓ અને તેના વારસોની ગેરહાજરીમા, એવો સખસ નહિં હોવો જોઇએ કે હાલાઈ ભાટિયા જ્ઞાતિનો સભાસદ નહિં હશે.

(હાંસિયામાં: નવો ત્રસ્ટી કોણ થઈ શકે)

અને આ લખતના મજકુર પહેલી બાજુનાં પક્ષકારો પોતાની વતી તથા પોતાના વર વારસો તથા વકીલોની વતી ત્રસ્ટીઓને લખી કબુલાત આપે છે કે અત્યાર અગાઉ કોઇ પણ વખતે મજકુર પહેલી બાજુના પક્ષકારો એવું કાંઈ કર્યુ નથી, અથવા કરવાનું બાકી રાખ્યુ નથી, અથવા એવી કોઈ ચીજ, કાર્ય, બાબત કે લખત કર્યુ નથી, તે ઉપર સહી કરી નથી, અને તેમા સામેલ થયા નથી, અથવા થવા દીધેલ નથી, જેથી અથવા તે કારણથી મજકુર મીલકત જે આ લખતથી ત્રસ્ટમાં ઉપર જણાવ્યા પ્રમાણે આપવામા આવેલ છે તે અથવા તેમાની કોઇ પણ અથવા તેનો કોઇ પણ ભાગની ઉપર કોઈ પણ રીતનો બોજો કે ચાર્જ લીયન આવી પડે અથવા આવવાનો સંભવ રહે કે તેનું ટાઈટલ ખરાબ થાય અને તે સંબંધી વાધો કે શક લેવામા આવે, અથવા તો જેથી કરીને ઉપર જણાવ્યા પ્રમાણે તે મીલકત લખી આપવાને તેમને કાંઈ પણ પ્રતિબંધ નડે. પહેલા પક્ષકારોની કબુલાત કે મીલકત સબંધી કાંઇ કામ કરેલ નથી

ઊપર જણાવેલી યાદી.

જમીનનો સરવે ટુકડો અથવા કટકો જે બહારકોટ દાદીશેઠ અગીઆરી લેનમા તેની ઉતર બાજુ, ભુલેશ્વર હાલ મુંબાઈ સબ ડીસ્ટ્રીકટ આવેલ છે તેની પર આવેલા અમલા ઈમારત તથા તળાવ સ્નાનનું સ્થળ અને બીજા બાધકામો જે તે ઉપર ઉભેલા છે તથા જે કલેકટરે પેનશન તથા ટેકસના નંબર ૪૯૪ નવા સર્વે નંબર ૨૪૮૬ જુના સર્વે નંબર ૨૬૨ અને નવા સર્વે નંબર ૩૯૫ થી નોધેલ છે અને જે વાર્ડ ની નં૦ ૪૧૭૫ (૧) તથા ૪૧૭૬ (૨) અને ૪૧૮૩ તથા સ્ટ્રીટ નંબર ૭૧--૭૩--૭૧ ૭૩-૭૧-૭૩ એ અને જે ભરતમા ૧૨૬૭ ચોરસવાર અથવા તેટલાને આશરે છે અને તેની ચતુરદશા નીચે પ્રમાણે છે એટલે કે પુર્વે અથવા તે બાજુ દામોદર કેશવજીની મીલકત છે, પશ્ચિમે અથવા તે બાજુ દાદી શેઠનુ આતસનું દેવળ છે ઊત્તરે રઘુનાથ રામચંદ્રની મીલકત અને દક્ષીણે અથવા તે બાજુ મજકુર દાદીશેઠ અગીઆરી લેન આવેલ છે, અને તેનો વપરાશ મજકુર ફંડ જે ઉદેશથી ચાલુ કરવામા આવ્યો હતો તે ઉદેશ પ્રમાણે થાય છે, જેની સાક્ષીમા આ લખતના પક્ષકારોએ પોતપોતાના હસ્ત લેખ તથા સિક્કાઓ, ઉપર પહેલા લખી તારીખને દીને કર્યા છે.

આ લખાતની અંદર જણાવેલા (નીચે લખેલા) નારાયણદાશ ઠાકરસી મુલજી, વિઠલદાસ દામોદર ઠાકરસી, માધવજી દામોદર ઠાકરસી.

મારી સમક્ષ સહી સીકકો કરી આપ્યો છે.

ગોવીંદજી માધવજી.

નારાયણદાસ ઠાકરસી મુળજી.

વિઠલદાસ દામોદર ઠાકરશી.

માધવજી દામોદર ઠાકરશી.

હંસરાજ પ્રાગજી ઠાકરશી.

આ મીલકતની અંદર જણાવેલા હંસરાજ પ્રાગજી ઠાકરસીએ મારી સમક્ષ સહી સીકકો કરયો.

હીરજી ટોપણ.

૨-૪-૧૯૦૭.

આ લખતની અંદર જણાવેલા મોંઘીબાઇએ મારી સમક્ષ સહી સીકકો કર્યો.

ગોવીંદજી માધવજી.

વીઠલદાસ દામોદર ઠાકરશી
મોંઘીબાઈ.

મારી સમક્ષ મંજુર કરવામા આવ્યુ.

માધવજી દામોદર ઠાકરસી

જે. પી.

૨૦-૬-૦૭

વિઠલદાસ દામોદર ઠાકરશી.

આ લખતમા જણાવેલા કરસનદાસ હરગોવીંદ મારી સમક્ષ સહી શીકકો કરયા

ધરમશી મોરારજી ગોકલદાસ.

દેવીદાસ વિઠલદાસ.

આ લખતમા જણાવેલા રણછોડદાસ ઠાકરશીએ મારી સમક્ષ સહી શીકકો કર્યો

હીરજી ટોપણ.

૨૫-૬-૧૯૦૭

રણછોડદાસ ઠાકરશી.
ગોપાળજી વાલજી સુંદરજી.
રવજી નારાણજી.
કરસનદાસ હરગોવીંદદાસ.

આ લખતમા જણાવેલા ધરમશી મોરારજી ગોકળદાસ મારી સમક્ષ સહી શીકકો કરયો.

હીરજી ટોપણ.

૨૭-૬-૦૭

આ [illegible]
[illegible]
[illegible] મારી સમક્ષ સહી
[illegible] કરી.

જમશેદજી કાવસજી પટેલ.
સોલીસીટર.

૧૦ ૫ જુલાઈ ૧૯૦૭ મુંબઈ.

હીરજી ટોપણ.
તેના કારકુન.

શેઠ ગોપાળજી વાલજી સુંદરજી, સહી કરનાર ધણી, વેપારી હનુમાન ગલીમાં રહેનાર સહી કબુલ કરે છે.

અંગુઠાની છાપ.	ગોપાળજી વાલજી સુંદરજી

શેઠ રવજી નારાણજી સહી કરનાર ધણી વેપારી, કાલકાદેવિના રસ્તાપર રહેનાર સહી કબુલ કરેછે.

અંગુઠાની છાપ.	રવજી નારાણજી.

મી૦ હીરજી ટોપણ તે મનસુખલાલ જમશેદજી અને હીરાલાલ, સોલીસીટરોના કારકુન કાલકાદેવીનાં રસ્તાપર રહેનાર, જેને સબરજીષ્ટ્રાર ઓળખે છે તેની ઉપર જણાવેલા સહી કરનારાઓની ઓળખના સંબંધમાં તપાસ કરવામાં આવી.

હીરજી ટોપણ.

સાપન્નાસાઈ.
મુંબાઈનાં સબરજીષ્ટ્રાર.

૫ મી જુલાઇ ૧૯૦૭

મી૦ હંસરાજ પ્રાગજી ઠાકરસી, સહી કરનાર ધણી વેપારી પેડર રોડપર રહેનાર જેને સબરજીષ્ટ્રાર ઓળખે છે, પોતાની સહી કબુલ કરે છે.

હંસરાજ પ્રાગજી ઠાકરસી.

મી૦ માધવજી દામોદર ઠાકરશી, સહી કરનાર ધણી, વેપારી મહાલક્ષ્મીનાં રસ્તાપર રહેનાર, જેને સબરજીષ્ટ્રાર ઓળખે છે, તે પોતાની સહી કબુલ કરે છે.

માધવજી દામોદર ઠાકરસી.

સાયના સાઈ
મુંબઈનાં સબ રજીસ્ટ્રાર
૯ મી જુલાઈ ૧૯૦૭

શેઠ કરસનદાસ હરગોવીંદદાસ, સહી કરનાર ધણી વેપારી, હનુમાન ગલીમાં રહેનાર પોતાની સહી કરે ;

અંગુઠાની છાપ.	કરસનદાસ હરગોવીંદદ.

બાજીરાવ દીનાનાથ નાઈક, મેસર્સ મનસુખલાલ જમસેદજી તથા હીરાલાલ સોલીસીટરોનાં કારકુન, ખતર ગલીમાં રહેનાર, જેને સબરજીટ્રાર ઓળખે છે, તેની ઉપર જણાવેલા સહી કરનાર ધણીને ઓળખના સંબંધમાં તપાસ કરવામા આવી.

બાજીરાવ દીનાનાથ નાઇક.

સાયન્નાસાઈ.
મુંબઈનાં સબરજીષ્ટ્રાર
૧૨ મી જુલાઇ ૧૯૦૭.

શેઠ રણછોડદાસ ઠાકરસી, સહી કરનાર ધણી, વેપારી કાળકાદેવીપર રહેનાર સહી કબુલ કરે છે, તેને સબરજીષ્ટ્રાર ઓળખે છે.

રણછોડદાસ ઠાકરશી.

સાયનાસાઈ.
મુંબઈના સબરજીષ્ટ્રાર.
૨૩ મી જુલાઇ ૧૯૦૭.

શેઠ ધરમશી મોરારજી ગોકલદાસ, સહી કરનાર ધણી, વેપારી, ચીનાબાગ ગીરગામમા રહેનાર, સહી કબુલ કરે છે. સબરજીટ્રાર તેમને ઓળખે છે.

ધરમશી મોરારજી ગોકલદાસ.

સાયન્નાસાઇ.
મુંબઇના સબરજીટ્રાર.
તા૦ ૨૪ મી જુલાઈ ૧૯૦૭.

મોધીબાઇ તે વસનજી વિઠલદાસની પત્ની સહી કરનારી કોલબાઠ લેનમાં રહેનાર પોતાની સહી કબુલ કરે છે.

અંગુઠાની છાપ.	મોંધીબાઇ.